JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · ISC Indian Steel Corporation Ltd. · durashine TATA BLUESCOPE STEEL · TATA SHAKTEE GC SHEET
ALEVATE
PERFORMANCE AT ITS PEAK
Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા





માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૨ * * * સંવત ૨૦૮૧ અષાઢ વદ આઠમ, શુક્રવાર ૧૮ જુલાઇ, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૨૧૭

પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦

### સુરત અને છેલ્લા કેટલાક વર્ષોથી સતત ટોચ પર આવતા ઇન્દોરનો સમાવેશ ‘સુપર સ્વચ્છ લીગ’માં થતાં

# નવી રેન્કિંગ સિસ્ટમમાં અમદાવાદ સૌથી સ્વચ્છ શહેર જાહેર થયું

**સુપર** સ્વચ્છ લીગમાં કુલ ૨૩ શહેરો આવ્યા

વડોદરા આશાસ્પદ સ્વચ્છ શહેર

**નવી દિલ્હી, તા. 17 (PTI).** સરકારના વાર્ષિક સ્વચ્છતા સર્વેક્ષણમાં ગુરુવારે અમદાવાદને સૌથી સ્વચ્છ મોટું શહેર જાહેર કરવામાં આવ્યું હતું, ત્યારબાદ ભોપાલ અને લખનૌનો સમાવેશ થાય છે, જ્યારે ૨૩ શહેરોમાં ઈન્દોર, સુરત, નવી મુંબઈ અને વિજયવાડાને સ્વચ્છતામાં અસાધારણ કામગીરી દર્શાવવા બદલ નવી રચાયેલી ‘સુપર સ્વચ્છ લીગ સિટીઝ’ શ્રેણીમાં સ્થાન આપવામાં આવ્યું હતું.

સ્વચ્છ સર્વેક્ષણના પરિણામો ગુરુવારે જાહેર કરવામાં આવ્યા હતા. સરકારના જણાવ્યા અનુસાર, ૪,૫૦૦ થી વધુ શહેરોમાં ૧૪ કરોડ લોકોએ રૂબરૂ વાતચીત, સ્વચ્છતા એપ, માયગોવ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા સર્વેક્ષણમાં ભાગ લીધો હતો. આ વર્ષે ચાર શ્રેણીઓમાં ૭૮ પુરસ્કારો રજૂ કરવામાં આવ્યા હતા - ચાર શ્રેણીઓ સુપર સ્વચ્છ લીગ શહેરો; પાંચ વસ્તી શ્રેણીઓમાં ટોચના ત્રણ સ્વચ્છ શહેરો; ખાસ શ્રેણી: ગંગા ટાઉન્સ, કેન્ટોનમેન્ટ બોર્ડ, સફાઈ મિત્ર સુરક્ષા, મહાકુંભ; અને રાજ્ય-સ્તરીય પુરસ્કારો - રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશનું આશાસ્પદ શહેર. નવી શ્રેણી ‘સુપર સ્વચ્છ લીગ’ હેઠળ, નોઈડા ત્રણ થી દસ લાખ વસ્તી શ્રેણીમાં ટોચ પર રહ્યું, ત્યારબાદ ચંદીગઢ, મૈસુર, ઉજ્જૈન, ગાંધીનગર અને ગુંટુરનો ક્રમ આવે છે. ‘સુપર સ્વચ્છ લીગ’ શહેર પુરસ્કાર શ્રેણી વિશે વાત કરતા, ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક વર્ષોમાં ઈન્દોર, સુરત અને નવી મુંબઈ સૌથી સ્વચ્છ શહેરોની યાદીમાં ટોચ પર રહ્યા છે અને સ્વચ્છતાના ક્ષેત્રમાં હવે તેમણે નવા પરિમાણો સ્થાપિત કર્યા છે. કુલ

...અનુસંધાન પાના 5 પર ➲




### 10 લાખથી વધુ વસ્તીના ટોપ ટેન સ્વચ્છ શહેરો

| ક્રમ | શહેરનું નામ |
|---|---|
| ૦૧ | અમદાવાદ |
| ૦૨ | ભોપાલ |
| 03 | લખનૌ(મહાપાલિકા) |
| ૦૪ | રાયપુર |
| ૦૫ | જબલપુર |
| ૦૬ | ગ્રેટર હૈદરાબાદ |
| ૦૭ | પિંપરી ચિંચવાડ |
| ૦૮ | પુણે |
| ૦૯ | GVMC વિશાખાપટનમ |
| ૧૦ | આગ્રા (મહાપાલીકા) |
| ૧૮ | વડોદરા |
| ૧૯ | રાજકોટ |

## દ. કોરિયામાં રેકોર્ડ વરસાદથી તબાહી, 4નાં મોત



**સિઓલ, તા. 17.** દક્ષિણ કોરિયામાં 17 જુલાઈના રોજ મુશળધાર વરસાદને કારણે 4 લોકોનાં મોત થયાં છે અને 1,000થી વધુ લોકોને સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. એમ સુરક્ષા મંત્રાલયે જણાવ્યું હતું. ગૃહ અને સલામતી મંત્રાલયે જણાવ્યું હતું કે, સ્થાનિક સમય મુજબ સવારે 11 વાગ્યા (સિંગાપોર સમય મુજબ સવારે 10 વાગ્યા) સુધી રાજધાની સિઓલની દક્ષિણે આવેલા દક્ષિણ ચુંગચેઓંગ પ્રદેશના કેટલાક ભાગોમાં 16 જુલાઈથી અત્યાર સુધીમાં 400 મીમીથી વધુ

...અનુસંધાન પાના 13 પર ➲

## ન્યૂઝ બ્રીફ

### બિહારમાં વીજળી પડવાથી 19 લોકોનાં મોત

**પટણા.** મુખ્યમંત્રી કાર્યાલયે ગુરુવારે જણાવ્યું હતું કે, બિહારમાં છેલ્લા ૨૪ કલાકમાં વીજળી પડવાથી ઓછામાં ઓછા ૧૯ લોકોનાં મોત થયાં છે. સૌથી વધુ નાલંદામાં પાંચ લોકોનાં મોત થયાં છે, ત્યાર બાદ વૈશાલી (ચાર), બાંકા અને પટણા (બે-બે)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત, શેખપુરા, નવાદા, જહાનાબાદ, ઔરંગાબાદ, જમુઈ અને સમસ્તીપુર જિલ્લામાં એક-એકનું મોત થયું છે. મૃત્યુ પર શોક વ્યક્ત કરતાં મુખ્યમંત્રી નીતીશ કુમારે દરેક મૃતકના પરિવાર માટે 4-4 લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી હતી અને લોકોને ખરાબ હવામાન દરમિયાન પૂરતી સાવચેતી રાખવા વિનંતીકરી હતી.

### ભારતે અણુ સક્ષમ અગ્નિ, પૃથ્વી મિસાઇલોનું પરીક્ષણ કર્યું

**નવી દિલ્હી.** ભારતે ગુરુવારે ઓડિશા કિનારે એક સંકલિત પરીક્ષણ શ્રેણીમાંથી પરમાણુ સક્ષમ ટૂંકી અંતરની બેલિસ્ટિક મિસાઇલો પૃથ્વી-II અને અગ્નિ-I નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું અને પોતાની વ્યુહાત્મક પ્રતિરોધ ક્ષમતાનું પ્રદર્શન કર્યું હતું. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, એલિટ સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડ દ્વારા હાથ ધરવામાં આવેલા મિસાઇલોના પરીક્ષણમાં તમામ ઓપરેશનલ અને ટેકનિકલ પરિમાણો સિદ્ધ થયા હતા. બુધવારે, ભારતે લદ્દાખમાં સ્વદેશી રીતે વિકસિત આકાશ પ્રાઇમ મિસાઇલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું, જેને ૪,૫૦૦ મીટરથી વધુ ઊંચાઈએ ઉડાવવા

...અનુસંધાન પાના 13 પર ➲

### 20 જાન્યુઆરીથી અત્યાર સુધીમાં અમેરિકાએ 1,563 ભારતીયોને દેશનિકાલ કર્યા

**નવી દિલ્હી.** અમેરિકાએ 20 જાન્યુઆરીથી અત્યાર સુધીમાં કુલ ૧,૫૬૩ ભારતીય નાગરિકોને દેશનિકાલ કર્યા છે અને છેલ્લી બેચ ગયા અઠવાડિયે પરત મોકલવામાં આવી હતી. એમ વિદેશ મંત્રાલય (એમઈએ)એ ગુરુવારે જણાવ્યું હતું. એમઈએ પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, મોટા ભાગના ભારતીયોને કોમર્શિયલ ફ્લાઇટ્સ દ્વારા પાછા મોકલવામાં આવ્યા હતા.જયસ્વાલે જણાવ્યું હતું કે, ૨૦ જાન્યુઆરીથી ૧૬ જુલાઈ

...અનુસંધાન પાના 13 પર ➲

### તા. ૧૭-૦૭-૨૦૨૫નું સુરત શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 0.00 મીમી | મોસમનો ૧૧૧૭ મીમી |
|---|---|---|
| ઉકાઇ | સપાટી આજની ૩૨૫.૪૮ ફૂટ | આઉટફ્લો ૮૦૦ ક્યુસેક |


| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | 33.3 સે. | ૨૭.૧ સે. | ૭૩% |

### અમદાવાદ વિમાન દુર્ઘટનામાં તપાસ વિમાનના કેપ્ટન પર કેન્દ્રિત થઇ રહી છે: ‘વૉલ સ્ટ્રીટ જર્નલ’નો અહેવાલ

# ફ્યુઅલ સ્વિચ પાઈલટે બંધ કરી હતી?

**કેપ્ટન** સુમીત સભરવાલે ફ્યુઅલ સ્વીચ બંધ કરી દીધી હોવાનો પ્રાથમિક સંકેત છે: તપાસમાં જોડાયેલા અમેરિકી અધિકારીઓને ટાંકીને અમેરિકાના જાણીતા અખબારે અહેવાલ આપ્યો

**આ હેવાલને** ભારતીય પાયલોટોના ફેડરેશને વખોડ્યો, અખબાર સામે કાનૂની પગલા લેવાની ચેતવણી, તપાસ બોર્ડની ફેરરચના કરવા સરકારને વિનંતી



### કેપ્ટન સુમીત સભરવાલને માતાના અવસાન પછી માનસિક સમસ્યાઓ હતી?

અમદાવાદની ગોઝારી વિમાન દુર્ઘટનામાં તપાસકારોએ હવે વિમાનના મુખ્ય પાયલોટ સુમીત સભરવાલની વર્તણૂકનું વિશ્લેષણ કરવા માંડ્યું છે. દેશના અગ્રણી ઉડ્ડયન નિષ્ણાત કેપ્ટન મોહન રંગનાથને ઘટસ્ફોટ કર્યો છે કે એર ઇન્ડિયાના ઘણા પાયલોટોએ એ વાતને સમર્થન આપ્યું છે કે કેપ્ટન સભરવાલનું માનસિક આરોગ્ય નબળું હતું. ધ ડેઇલી ટેલિગ્રાફ અખબાર સાથે વાત કરતા રંગનાથને દાવો કર્યો હતો કે સભરવાલે છેલ્લા ત્રણથી ચાર વર્ષમાં કામ પરથી લાંબી રજાઓ લીધી હતી. તે માટે તેમણે મેડિકલ રજાઓ લીધી હતી. એમ પણ માનવામાં આવે છે કે તેમની માતાના અવસાન પછી સભરવાલે સ્વસ્થ થવા માટે લાંબી રજા લીધી હતી. રંગનાથન જો કે માને છે કે ગયા મહિનાની દુર્ઘટના પેહલા એર-ઇન્ડિયાએ કેપ્ટન સભરવાલને તબીબી રીતે સ્વસ્થ જાહેર કર્યા હતા.

### હાલ કોઇ પણ તારણ પર આવવું ઘણુ વહેલું ગણાશે, ખોટી વાતો ફેલાવવાથી દૂર રહો: AAIB

**નવી દિલ્હી, તા. 17 (PTI):** એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો(AAIB)એ આજે કહ્યું હતું કે વિમાન દુર્ઘટના તપાસમાં કોઇ ચોક્કસ તારણ પર પહોંચવું હાલ ઘણુ જલ્દી ગણાશે અને તેણે દરેકને કસમયના ખયાલો ફેલાવવાથી દૂર રહેવા વિનંતી કરી હતી. અમારા ધ્યાનમાં આવ્યું છે કે આંતરરાષ્ટ્રીય મીડિયાના કેટલાક વર્ગો વારંવાર પસંદગીયુક્ત અને અપ્રમાણિત રિપોર્ટિંગ દ્વારા તારણો કાઢવાનો પ્રયાસ કરી રહ્યા છે. આવી કાર્યવાહી બેજવાબદારીભરી છે, ખાસ કરીને જ્યારે તપાસ ચાલુ છે એમ AAIB ના ડિરેક્ટર જનરલ જીવીજી યુગંધરે એક નિવેદનમાં જણાવ્યું હતું. આખરી તપાસ અહેવાલના પ્રકાશનની રાહ જોવા માટે તમામ સંબંધિતોને અપીલ કરતા, AAIB એ જણાવ્યું હતું કે ભારતીય ઉડ્ડયન ઉદ્યોગની સલામતી પ્રત્યે, ખાસ કરીને પાયાવિહોણા તથ્યોના આધારે, જાહેર ચિંતા કે ગુસ્સો પેદા કરવાનો આ સમય નથી.

**ન્યૂયોર્ક, મુંબઇ, તા. 17:** અમદાવાદમાં ગયા મહિનાની બારમી તારીખે એર ઈન્ડિયાની લંડન જવા માટે રવાના થઈ રહેલી ફ્લાઈટ ટેક-ઓફ કર્યા પછી તરત જ તૂટી પડી તે ઘટનામાં વિમાનના મુખ્ય પાયલોટની ભૂમિકા શંકાસ્પદ જણાય છે અને તપાસ હવે તેમના પર કેન્દ્રિત થઈ રહી છે એમ અમેરિકાના જાણીતા અખબાર વૉલ સ્ટ્રીટ જર્નલે આ તપાસમાં જોડાયેલા અમેરિકી અધિકારીઓના નિકટના સૂત્રોને ટાંકીને અહેવાલ આપ્યો છે. તપાસમાં સંકળાયેલા અમેરિકી અધિકારીઓ

...અનુસંધાન પાના 5 પર ➲

## ભારતે સેકન્ડરી પ્રતિબંધોની નાટોના વડાની ધમકીને ફગાવી દીધી

**વિદેશ** મંત્રાલયે કહ્યું કે ભારત બજારના પરિબળો અને વૈશ્વિક સ્થિતિઓના આધારે ખરીદી કરે છે: બેવડા ધોરણો અપનાવવા સામે ચેતવણી

**રશિયાથી** આયાત બાબતે કોઇ સમસ્યા સર્જાયો તો ભારત અન્ય દેશો પાસેથી પણ પુરવઠો મંગાવી શકે છે

**નવી દિલ્હી, તા. 17 (PTI):** નવી દિલ્હીના રશિયા સાથેના સંબંધો અંગે ભારત પર સેકન્ડરી પ્રતિબંધો લાદવાની નાટોના મહામંત્રી માર્ક રટની ચેતવણીના જવાબમાં ભારતે આજે આ બાબતે બેવડા ધોરણો સામે ચેતવણી આપી હતી અને ભારપૂર્વક કહ્યું હતું કે રશિયા પાસેથી તેની ઈંધણની ખરીદી રાષ્ટ્રીય હિતો અને બજારના પરિબળો પર આધારિત છે.

અમે આ વિષય પર અહેવાલો જોયા છે અને ઘટના વિકાસ પર બારીક નજર રાખી રહ્યા છીએ. હું ફરી એકવાર કહીશ કે આપણા લોકોની ઊર્જા જરૂરિયાતોને સુરક્ષિત કરવી એ આપણા માટે સમજણપૂર્વકની પ્રાથમિકતા છે એમ વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે તેમના સાપ્તાહિક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું. આ પ્રયાસમાં, અમે બજારોમાં શું ઓફર કરવામાં આવી રહ્યું છે તેના પરથી અને પ્રવર્તમાન વૈશ્વિક પરિસ્થિતિઓ દ્વારા માર્ગદર્શન મેળવીએ છીએ. અમે ખાસ કરીને આ બાબતે કોઈપણ બેવડા ધોરણો સામે ચેતવણી આપીએ છીએ એ મુજબ તેમણે કહ્યું હતું. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રશિયન નિકાસ પર 100 ટકા ટેરિફ અને મોસ્કો સાથે વેપાર સંબંધો ધરાવતા કોઈપણ દેશ પર સેકન્ડરી ટેરિફ લાદવાની ધમકી અંગે પૂછવામાં આવતા, જયસ્વાલે કહ્યું કે અમે આ સંદર્ભમાં થયેલા ઘટના વિકાસ અને થઈ રહેલા નિવેદનો

...અનુસંધાન પાના 13 પર ➲

## પેટ્રોલિયમ મંત્રીએ કહ્યું, પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટી શકે છે

**જો ક્રૂડ** ઓઇલના ભાવ પ્રતિ બેરલ 65 ડોલર પર રહે તો 2-3 મહિનામાં ઘટાડો શક્ય

**તેલ** કંપનીઓ પેટ્રોલ પર પ્રતિ લિટર 12-15 રૂપિયા નફો કમાઈ રહી છે



**નવી દિલ્હી, તા. 17.** દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘટી શકે છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યું હતું કે, જો લાંબા સમય સુધી ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ 65 યુએસ ડોલર પર રહે છે તો આગામી 2-3 મહિનામાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થવાની અપેક્ષા રાખી શકાય છે. મંત્રીએ દિલ્હીમાં ચાલી રહેલા ‘એનર્જી સંવાદ 2025’માં આ વાત કહી હતી. જોકે, મંત્રીએ એમ પણ કહ્યું કે, તે સ્થિર પરિસ્થિતિ

...અનુસંધાન પાના 5 પર ➲

## રશિયા-ભારત-ચીનની ત્રિપુટીને ફરી સજીવન કરવાના રશિયાના પ્રયાસોને ચીનનો ટેકો

**ત્રણેય** દેશોના હવે નિષ્ક્રિય થઇ ગયેલા ત્રિપક્ષીય સહયોગ

**RICને** ફરી સજીવન કરવા રશિયાએ ઇચ્છા વ્યક્ત કરી છે

**બૈજિંગ, તા. 17 (PTI):** નિષ્ક્રિય થઇ ગયેલા રશિયા-ભારત-ચીન (RIC) ત્રિપક્ષીય સહયોગને પુનર્જીવિત કરવાની રશિયાની પહેલને ટેકો આપતા ચીને આજે કહ્યું હતું કે ત્રિપક્ષીય સહયોગ માત્ર ત્રણ દેશોના હિતમાં જ નહીં પરંતુ પ્રદેશ અને વિશ્વની સુરક્ષા અને સ્થિરતા માટે પણ ઉપયોગી છે. રશિયન ન્યૂઝ પોર્ટલ ઇઝવેસ્ટિયાએ ગુરુવારે રશિયાના નાયબ વિદેશ પ્રધાન આન્દ્રેઈ રુડેન્કોને ટાંકીને કહ્યું કે મોસ્કો RIC ફોર્મેટ ફરી શરૂ થવાની અપેક્ષા રાખે છે અને બેઇજિંગ અને નવી દિલ્હી સાથે આ મુદ્દા પર વાટાઘાટો કરી રહ્યું છે. આ વિષય બંને સાથેની અમારી વાટાઘાટોમાં દેખાય છે. અમે આ ફોર્મેટને કાર્યરત કરવામાં રસ ધરાવીએ છીએ, કારણ કે આ ત્રણ દેશો BRICS ના સ્થાપકો ઉપરાંત મહત્વપૂર્ણ ભાગીદારો છે એમ રુડેન્કોએ કહ્યું હતું. તેથી, મારા મતે, આ ફોર્મેટની ગેરહાજરી અયોગ્ય લાગે છે. આ સંદર્ભમાં, અમે અપેક્ષા રાખીએ છીએ કે દેશો RICના માળખામાં કામ ફરી શરૂ

...અનુસંધાન પાના 13 પર ➲

## ઉદ્ધવ ઠાકરે ફડણવીસને મળ્યા



**એક** દિવસ અગાઉ જ ફડણવીસે કહ્યું હતું કે, આ બાજુ આવી જાવ!

**મુંબઈ, તા. 17.** મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે ગુરુવારે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને મળ્યા હતા. આ મુલાકાત ભાજપ નેતાએ શાસક ગઠબંધનમાં જોડાવા માટે ઠાકરેને મજાકમાં નિમંત્રણ આપ્યાના એક દિવસ બાદ થઈ છે. આ બેઠક વિધાન પરિષદના અધ્યક્ષ રામ શિંદેના ચેમ્બરમાં થઈ હતી અને લગભગ ૨૦ મિનિટ ચાલી હતી.

...અનુસંધાન પાના 5 પર ➲